# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

.........................................................................................................................

1) અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવનો આરંભ કરવાતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ.
2) કેન્દ્રીય ગૃહમંત્રી આજે અમદાવાદ અને ગાંધીનગરમાં વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે. અમદાવાદમાં આરોગ્ય ધામ અને ગાંધીનગર અને માણસામાં વિવિધ તળાવોનું લોકાર્પણ કરશે.
3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છમાં 117 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ આપશે.
4) આજે વિશ્વ પ્રાણી દિવસ નિમિત્તે પ્રાણીઓના જતન અને સંરક્ષણ કરવા રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને અપીલ.
5) સમગ્ર રાજયમાં નવરાત્રીની ઉત્સાહ અને ઉમંગભેર ઉજવણી. - શહેરો નગરો અને ગામ્ય વિસ્તારોમાં રાસગરબા અને શેરી ગરબાઓનું આયોજન

.........................................................................................

## VIBRANT NAVRATRI AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ‘શેરી ગરબા પ્રથાનું મહત્વ ઓછું થવા લાગ્યું ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગરબાનું મૂળ સ્વરૂપ જળવાઈ રહે તે માટે “વાયબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવ”નો પ્રારંભ કરાવ્યો.

આજે યુનેસ્કોએ પણ ગુજરાતના ગરબાને વૈશ્વિક સાંસ્કૃતિક ધરોહર તરીકે ઓળખ તરીકે સ્વીકારી છે. અમદાવાદના GMDC મેદાન ખાતે વાયબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવ 2024નો શુભારંભ કરાવતાં કેન્દ્રીય ગૃહમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગઈકાલે અમદાવાદમાં સાયબર ક્રાઇમ અંગેના ગુજરાત પોલીસના તેરા તુઝકો અર્પણ પોર્ટલને પણ લોંચ કર્યું હતું.

(બાઇટ- અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'ગત વર્ષે યુનેસ્કો દ્વારા ગરબાને "અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર" તરીકે જાહેર કરાયા બાદ આ પ્રથમ નવરાત્રિ છે. ગુજરાત પ્રધાનમંત્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં 'વિકાસ ભી, વિરાસત ભી' સૂત્રને સાર્થક કરી રહ્યું છે. દરમિયાન મુખ્યમંત્રીએ નવરાત્રિ દરમિયાન માતાજીના ચાચર ચોકમાં ગંદકી ન ફેલાય અને તેની પવિત્રતા જળવાઈ રહે તેવી અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ વાયબ્રન્ટ નવરાત્રિ મહોત્સવનો આનંદ માણવા વિદેશી રાજદૂતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

..........................................................................................

# AMIT SHAH LOKARPAN

કેન્દ્રીયગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ગુજરાતના પ્રવાસે છે ત્યારે તેઓ આજના દિવસના કાર્યક્રમ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. જેમાં અમદાવાદ ખાતે જનસહાયક ટ્રસ્ટ દ્વારા સંચાલિત "હીરામણિ આરોગ્યધામ"નું લોકાર્પણ કેન્દ્રીયગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીનાં હસ્તે આજે સવારે થશે.

આરોગ્યધામના લોકાર્પણનાં આ કાર્યક્રમ દરમ્યાન રાજ્યસભાના સાંસદ નરહરિ અમીનના સાંસદનિધિમાંથી 150 દિવ્યાંગ બાળકોને હિયરીગ એઇડ ડીવાઈસ કીટનું પણ વિતરણ કરવામાં આવશે.

આ ઉપરાંત ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકની સ્થાપનાના 100 વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જ્યારે ગાંધીનગરના સેક્ટર-30મા બગીચાનું લોકાર્પણ અને વૃક્ષારોપણ કરશે. આ ઉપરાંત પેથાપુર, માણસામાં તળાવોનું લોકાર્પણ તેમજ વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને ઉદ્ઘાટન કરશે. નવરાત્રી નિમિત્તે તેઓ માણસા અને અમદાવાદ ખાતે ગરબા અને આરતીમાં પણ ઉપસ્થિત રહેશે.

........................................................................................

# CM KUTCH VISIT

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે કચ્છના માંડવી ખાતે 117 કરોડથી વધુના વિકાસલક્ષી પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. જે અતંર્ગત તેઓ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના 29 કરોડ 94 લાખ રૂપિયાના ખર્ચે બનેલી માંડવી ભાગ-બે અને ત્રણ જૂથ સુધારણા યોજના, ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના 10 કરોડ રૂપિયાના ખર્ચે બનેલી 66. કે. વી ભાડિયા સબસ્ટેશન, શિક્ષણ વિભાગના અંદાજે 8 કરોડથી વધુના ખર્ચે 13 પ્રાથમિક શાળાઓમાં કુલ 47 નવીન ઓરડા, શાળા રિપેરિંગ તેમજ ટોઇલેટ બ્લોકનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ મહેસૂલ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અન્ય કેટલાક પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કરશે.

........................................................................................

# WORLD ANIMAL DAY

પ્રાણીઓના રક્ષણ અંગે જનજાગૃતિ કેળવવા તેમજ પ્રાણી કલ્યાણને પ્રાધાન્ય આપવાના આશયથી દર વર્ષે ચોથી ઓક્ટોબરના રોજ “વિશ્વ પ્રાણી દિવસ”ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પ્રાણી દિવસની ઉજવણી “ધ વર્લ્ડ ઈઝ ધેઈર હોમ ટૂ”ની થીમ સાથે થઇ રહી છે, જેનો અર્થ થાય છે કે, આ વિશ્વ પ્રાણીઓનું પણ ઘર છે.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે પ્રાણી દિવસ સંદર્ભે કહ્યું હતું કે, ગુજરાત સમગ્ર દેશમાં ગાય અને સંપૂર્ણ ગૌવંશ કતલ પ્રતિબંધક કાયદો લાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે, જેમાં જનમટીપ સુધીની સજાની જોગવાઈ કરાઈ છે. પશુપાલન મંત્રીએ માનવીની કેટલીક ટેવો પ્રાણીઓના જીવન પર વિપરીત અસર કરતી હોવાનો ઉલ્લેખ કરીને પ્લાસ્ટીકની કોથળીમાં વધેલું ખાવાનું ભરીને પ્રાણીઓને ન ખવડાવવા લોકોને અપીલ કરી હતી.

ગુજરાત સરકાર દ્વારા પ્રાણીઓના કલ્યાણ બોર્ડની રચના, ગૌશાળાઓ, પાંજરાપોળ અને કરૂણા એમ્બ્યુલન્સ જેવી રાજ્ય સરકાર દ્વારા પ્રાણીઓના રક્ષણ માટેની સેવાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. પ્રાણીઓ પ્રત્યે સહાનુભૂતી દાખવવાની પણ તેમણે નાગરિકોને અપીલ કરી હતી.

……………………………………………………………………………

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

................................................................................

# Mehsana Dairy Award

મહેસાણાની દૂધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરીને અમેરિકાની ઓવરસીઝ કો. ઓપરેટિવ ડેવલપમેન્ટ કાઉન્સિલ એટલે કે OCDC. દ્વારા પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે. ડેરી ક્ષેત્રે આ એવોર્ડ મેળવનાર તેઓ પ્રથમ ભારતીય છે. દૂધસાગર ડેરીમાં ૩ વર્ષમાં દૂધ ઉત્પાદકોને થયેલા ફાયદાને દયાને લઈને આ પુરસ્કાર માટે ડેરીની પસંદગી કરાઈ છે. ડેરીમાં ઓનલાઇન અને રિવર્સ ઓક્શનની પારદર્શક ટેન્ડર પદ્ધતિને કારણે ઉત્પાદકોને મોટો લાભ થયો છે. OCDCમાં વિશ્વના 70 દેશોનો સમાવેશ થાય છે.

................................................................................

# DAHOD RAPE CASE CHARGESHEET

દાહોદમાં સગીર બાળકી ઉપર દુષ્કર્મ કેસમાં જિલ્લા પોલીસે વિક્રમી સમય, 12 દિવસમાં આરોપપત્ર દાખલ કર્યું છે.

આ વિશે માહિતી આપતા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે ગુજરાત પોલીસે પુરાવા મેળવીને આરોપીને કડકમાં કડક સજા થાય તેવી મજબૂત ચાર્જશીટ દાખલ કરી છે. વધુમાં ઉમેર્યું કે ચાર્જશીટમાં ડિજીટલ પુરાવા, ફોરેન્સિક DNA એનાલિસિસ, બાયોલોજિકલ એનાલિસિસનો સમાવેશ થયો છે.

(BYTE – હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી )

................................................................................

# NAVRATRI – Bijjo DIVAS

આજે નવલા નોરતાંનો બીજો દિવસ છે. નવરાત્રીના બીજે દિવસે મા દુર્ગાના બ્રહ્મચારિણી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. જેમના જમણે હાથમાં માળા અને ડાબા હાથમાં કમંડળ ધારણ કરેલું છે તેમની ઉપાસના અનંત ફળની પ્રાપ્તિ થાય છે. તો બીજીતરફ ગઈકાલે દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશ અને માતા રૂક્ષ્મણીના ભક્ત દ્વારા માતાજીને સોનાનો હાર અર્પણ કરાયો હતો.

સમગ્ર રાજ્યમાં નવરાત્રીનો આરંભ થયો છેત્યારે ઠેર-ઠેર રાસ ગરબાના કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના મહાનગરોમાં ક્લબો અને પાર્ટી પ્લોટમાં ગરબા રાસ યોજાઇ રહ્યાં છે.

અન્ય શહેરોમાં પણ વિવિધ મેદાનોમાં ગરબા થઇ રહ્યાં છે. જ્યારે શેરી ગરબાઓ અને પરંપરાગત ગરબા રાસ પણ ખાસ્સુ આકર્ષણ જમાવી રહ્યાં છે. ત્યારે પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથમાં માતા પાર્વતીની રાજોપચાર પૂજા સાથે નવરાત્રીનો પ્રારંભ થયો હતો. પાટણના નગરદેવી મહાકાલિકા માતાના પ્રાચીન મંદિરે નવરાત્રી મહોત્સવ અંતર્ગત માતાજીને સુંદર ફૂલો, અલંકારો અને વસ્ત્રોનો સુંદર શણગાર સજવામાં આવ્યો હતો. અરવલ્લી જિલ્લામાં પણ હર્ષોલ્લાસ સાથે નવરાત્રીનો શુભારંભ કરાયો હતો. મોડાસા શહેરમાં રાજ્ય કક્ષાના મંત્રી ભિખુસિંહ પરમાર પ્રારંભ કરાવ્યો હતો.

.................................................................................